## જન્મદિને વધામણી


જી આર અલોરિયા
મુખ્ય સચિવ, ગુજરાત સરકાર
ફોન : ૨૩૨૫૦૩૦૧/૨


એલ જે રાજગુરુ
ફોન : ૨૩૨૨૭૦૬૬


પ્રહલાદભાઈ એમ જાની
મો. ૮૧૪૦૦૪ ૮૯૦૧૮


આશાબેન ભટ્ટ
ફોન : ૨૩૨૨૫૬૫૬


અજીતભાઈ આર મકવાણા
મો. ૯૭૩૭૪ ૫૫૮૯૬

# શ્રી જે બી પ્રાથમિક શાળામાં વાલીમિટીંગનું આયોજન કરાયું




ગાંધીનગર, તા. ૫

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત શ્રી જે બી પ્રાથમિક શાળામાં ધોરણ-૪થી ૮ના વિદ્યાર્થીઓના વાલીમિત્રોની મિટીંગનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં વાલીઓએ મોટી સંખ્યામાં હાજરી આપી હતી અને બાળકોના વિકાસ અંગે ચર્ચા કરી હતી.

મિટીંગમાં વિદ્યાર્થીઓના વાચન, લેખન અને ગણનના અભ્યાસમાં ઝડપથી સુધારો થાય તે માટે શિક્ષકો અને વાલીઓ સાથે વિશદ ચર્ચા કરવામાં આવી હતી. શાળાના વિષય નિષ્ણાત શિક્ષકોએ તમામ વિષયોમાં કેવી રીતે તૈયારી કરવી અને વિષયોના મહત્ત્વ વિશે તથા પરીક્ષાલક્ષી તથા શિસ્ત, નિયમિતતા અને સારા સંસ્કારનું ઘડતર થાય તે અંગે માર્ગદર્શન આપ્યું હતું. વાલીઓએ પણ શાળાના શિક્ષણ અને પ્રવૃત્તિઓ અંગે અભિપ્રાય રજૂ કર્યા હતા.

સોમવારે આયોજિત આ વાલી સંમેલનમાં શાળાનાં આચાર્ય નીવાબેન પટેલ અને શાળાના શિક્ષકો દ્વારા બાળકોનું જીવન પૂર્ણતા, શાંતિ અને સુખ તરફ વળે, પ્રેરણાબળ મળે તે માટે તથા બાળકોનો સર્વાંગી વિકાસ થાય તથા અભ્યાસમાં પડતી મુશ્કેલીઓ અંગે માર્ગદર્શન સહ સંસ્થાની વિગતવાર માહિતી આપવામાં આવી હતી.

# સૅક્ટર-૨ ૩ કડી કૅમ્પસ ખાતે ભૂલકાઓની રથયાત્રા યોજાઈ



ગાંધીનગર, તા. ૫

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ, ગાંધીનગર સંચાલિત શ્રી વી ઍમ પટેલ કુમાર અને શ્રીમતી ઍચ વી પટેલ કન્યા બાલમંદિર, ગુજરાતી માધ્યમનાં નાનાં ભૂલકાઓએ મંગળવારે રથયાત્રાનું સુંદર આયોજન કર્યું હતું. બલરામ, સુભદ્રા તેમજ શ્રીકૃષ્ણના રૂપમાં નાનાં ભૂલકાઓ નયનરમ્ય વેશભૂષા સાથે સજ્જ થઈ રથમાં બિરાજમાન થઈ સમગ્ર કૅમ્પસમાં યાત્રા સ્વરૂપે ફર્યાં હતાં. અન્ય ભૂલકાઓએ પણ સુંદર વેશભૂષામાં સજ્જ થઈ 'જય રણછોડ, માખણચોર'ના નારા લગાવ્યા હતા. શિક્ષકમિત્રો, બાલમંદિરના સંયોજક કિરણબેન અને ભગિની સંસ્થાઓનાં આચાર્યોએ રથનું સ્વાગત કર્યું હતું અને રથયાત્રામાં જોડાયા હતા.

સંસ્થાના ચૅરમૅન વલ્લભભાઈ પટેલે આ પ્રસંગે ખાસ ઉપસ્થિત રહી બાળકોને પ્રોત્સાહિત કર્યાં હતાં. ક્રિએટીવ ઝોન પાસે મોસાળામાં બાળકોને બૂંદી, મગ, જાંબુ અને કાકડીનો પ્રસાદ આપવામાં આવ્યો હતો તથા કૃત્રિમ વરસાદ પણ વરસાવવામાં આવ્યો હતો. બાળકોએ ઉત્સાહપૂર્વક આ પ્રસંગની ઉજવણી કરી હતી.

## મનોરંજન

**સિટી પલ્સ**

**સ્ક્રીન-૧**
સુલતાન
૧૨.૧૫, ૩.૩૦,
૭.૦૦, ૧૦.૩૦

**સ્ક્રીન-૨**
સુલતાન
૧૦.૩૦, ૨.૦૦,
૫.૩૦, ૯.૩૦

**સ્ક્રીન-૩**
સુલતાન
૧૧.૩૦, ૩.૦૦,
૬.૩૦, ૧૦.૦૦

**સ્ક્રીન-૪**
દાવ થઈ ગયો યાર
૧૨.૩૦, ૩.૦૦
સુલતાન
૫.૩૦, ૯.૩૦

**સ્ક્રીન-૫**
સુલતાન
૧૧.૩૦, ૩.૦૦
૬.૩૦, ૧૦.૦૦

# સૅક્ટર-૨૯ પ્રાથમિક શાળા ખાતે હસ્તાક્ષર સુધારણા પ્રૉજેક્ટ સંપન્ન



ગાંધીનગર, તા. ૫

સરકારી પ્રાથમિક શાળા, સૅક્ટર-૨૯/૧ ખાતે હસ્તસુધારણા પ્રૉજેક્ટ તાજેતરમાં સંપન્ન થયો હતો.

તપોવન સંસ્કારપીઠ વિદ્યાલય, ગાંધીનગરના નિવૃત્ત ભાષા શિક્ષક રોહિતકુમાર ભાનુપ્રસાદ જોશીએ શુધ્ધ લેખન, સ્પષ્ટ વાચન અને આરોહ-અવરોહપૂર્વક પઠનની તાલીમ વિદ્યાર્થીઓને નિઃશુલ્કપણે આપી હતી.

આ પ્રૉજેક્ટમાં ધોરણ-૬, ૭, ૮ના ગરીબ પરિવારોના વિદ્યાર્થીઓ ઉત્સાહપૂર્વક જોડાયા હતા. જોડકણાં, શબ્દરમત, પરિચ્છેદ વાચન, સ્વર અને વ્યંજનની આકર્ષક લેખનશક્તિનાં ઉદાહરણો વિદ્યાર્થીઓને આકર્ષી ગયાં હતાં.

કાર્યક્રમના આરંભે રોહિતકુમાર જોશીનું સ્વાગત આચાર્ય મિનાક્ષીબેન જોષીએ કર્યું હતું. પ્રૉજેક્ટના અંતમાં અક્ષર સુધારણા માટે બાળકોએ પ્રતિજ્ઞા લીધી હતી.

# તાલુકા ખો-ખો સ્પર્ધામાં લીંબદરા હાઈસ્કૂલ અવ્વલ

ગાંધીનગર, તા. ૫

રાંધેજા વિભાગ તથા વ્યાયામ મંડળ આયોજિત તાલુકા કક્ષાની ખો-ખો સ્પર્ધા ઉનાવા હાઈસ્કૂલ ખાતે યોજવામાં આવી હતી.

આ સ્પર્ધામાં બાળ વિભાગમાં શ્રી પી પી આર શાહ હાઈસ્કૂલની પ્રાથમિક વિભાગની બહેનોએ પ્રથમ સ્થાન પ્રાપ્ત કર્યું હતું. અન્ડર-૧૭ વિભાગની બહેનોએ દ્વિતિય સ્થાન પ્રાપ્ત કર્યું હતું.

વિજેતા બહેનોને શાળાનાં વ્યાયામ શિક્ષક વિશાલ થોરાતે તાલીમ આપી હતી, આચાર્ય તેજસિંહ પરમારે અભિનંદન પાઠવ્યા હતા.

# આર જી પટેલ સ્કૂલના વિદ્યાર્થીઓને સેવાસંસ્થાનાં કાર્યોની માહિતી અપાઈ

ગાંધીનગર, તા. ૫

હેલ્પેજ ઈન્ડિયા અન્વયે શ્રીમતી આર જી પટેલ કન્યા માધ્યમિક અને ઍસ બી પટેલ કન્યા ઉચ્ચતર માધ્યમિક શાળા, ગાંધીનગર ખાતે શનિવારે વિદ્યાર્થીઓને સંસ્થાનાં સેવાકાર્યો અંગે માહિતી આપવામાં આવી હતી. હેલ્પેજ ઈન્ડિયાના સિનિયર મૅનેજર ક્રિશ્નાનંદ કુનીયલે ગરીબ વૃધ્ધજનોના કલ્યાણ માટે આ સંસ્થા કાર્ય કરે છે તેની માહિતી આપતાં જણાવ્યું હતું કે સંસ્થા વૃધ્ધજનોને આંખના મોતિયાનાં ફ્રી ઑપરેશન, વૃધ્ધ દત્તક યોજના, ઘરડાંઘરને મદદ જેવી પ્રવૃત્તિઓ ચલાવી છે.

શાળાનાં આચાર્ય સુધાબેન પટેલે વૃધ્ધજનોનાં ઉદાહરણ આપી સૌને માહિતગાર કર્યા હતા. સમગ્ર કાર્યક્રમનું સંચાલન ઍનઍસઍસ ઑફિસર આર જી પટેલ દ્વારા કરવામાં આવ્યું હતું.




સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત ઉમા આટ્ર્સ ઍન્ડ નાથીબા કૉમર્સ મહિલા કૉલેજ, સૅક્ટર-૨ ૩ ખાતે શુક્રવારે પ્રથમ વર્ષ વિનયન અને વાણિજ્યની વિદ્યાર્થીનીઓના અભિવાદનનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો.

કૉલેજનાં આચાર્ય અમૃતાબેન પટેલ, વાઈસ પ્રિન્સિપાલ ડૉ. પ્રણવ જોષીપુરા તથા કમિટીના સભ્યો દ્વારા દીપ પ્રાગટ્ય બાદ દ્વિતિય વર્ષની વિદ્યાર્થીનીઓએ ગણેશ વંદના પ્રસ્તુત કરી હતી. ત્યારબાદ કૉલેજનો પરિચય આપવાની સાથે કૉલેજમાં ચાલતી અભ્યાસેતર તેમજ અભ્યાસપૂરક પ્રવૃત્તિઓ, કૉલેજમાં ચાલતા વિવિધ પ્રમાણપત્ર અભ્યાસક્રમો વગેરેની માહિતી વિદ્યાર્થીનીઓને આપવામાં આવી હતી. આચાર્યા અમૃતાબેને પોતાના વક્તવ્યમાં કૉલેજમાંથી મૂલ્યનિષ્ઠ શિક્ષણ મેળવી સર્વાંગી વિકાસ સાધવા માટે વિદ્યાર્થીનીઓને પ્રેરણા આપી હતી. ડૉ. પ્રણવ જોષીપુરાએ પણ અભ્યાસની સાથે સાથે ભાષાકીય જ્ઞાન તથા કૌશલ્યક્ષમતાના વિકાસની અનિવાર્યતા સમજાવી હતી.

સમગ્ર કાર્યક્રમનું સફળ સંચાલન પ્રા. ફાલ્ગુનીબેન પટેલે કર્યું હતું. કમિટીનાં સદસ્ય ડૉ. કીર્તિકમલ વાઘેલા, પ્રા. મિતા શાહ, પ્રા. પાયલ પંડ્યા, પ્રા. જ્યોતિ પંચાલ તથા આઈક્યુએસી સંયોજક ડૉ. રૂપા ચાવડાએ કાર્યક્રમને સફળ બનાવવા માટે જહેમત ઉઠાવી હતી.

## અમદાવાદ ખાતે

# ૩૪મી પુસ્તકની પરબમાં ૪૫૦૦ પુસ્તકોની આપ-લે

ગાંધીનગર, તા. ૫

માતૃભાષા અભિયાન દ્વારા, દર મહિનાના પ્રથમ રવિવારે પુસ્તકની પરબનું આયોજન થાય છે. જે અંતર્ગત વિના મૂલ્યે શિષ્ટ સાહિત્યનાં પુસ્તકોનું વિતરણ કરવામાં આવે છે. અને ભેટમાં પુસ્તકો, દાન સ્વરૂપે સ્વીકારવામાં આવે છે. પ્રથમ પુસ્તક પરબ બીજી ઑક્ટોબર, ૨૦૧૩માં શરૂ કરવામાં આવેલ હતી, સતત બે વર્ષથી ચાલતી આ પરબમાં આશરે અઢી લાખથી વધુ શિષ્ટ સાહિત્યનાં પુસ્તકોની આપ-લે થઈ છે.

તાઃ ૩ જુલાઈ, ૨૦૧૬ રવિવારના રોજ સવારે ૭:૩૦ થી ૯:૦૦ અમદાવાદમાં ૩૬ સ્થળોએ પુસ્તકની પરબનું આયોજન થયું હતું.જે અંતર્ગત આશરે ૪૫૦૦ પુસ્તકોની આપ-લે થઈ હતી.

વસ્ત્રાપુર તળાવ, હિંમ્મતલાલ પાર્ક ગાર્ડન, કાંકરીયા તળાવ(કાંકરીયા ગેટ.નં-૧), નરોડા તળાવ, પ્રહલાદનગર ગાર્ડન, પરિમલ ગાર્ડન, વાસણા પ્રજાપતિ ગાર્ડન, મલાવ તળાવ પાસે (જીવરાજ પાર્ક), સરકારી ટ્યુબવેલ(બોપલ), મોટેરાગામ-બળિયાદેવનાં મંદિર સામે, શુકાન ઉદ્યાન(આંબાવાડી), જોધપુર (પ્રેરણાતીર્થ દેરાસર), ઉસ્માનપુરા ગાર્ડનમાં, ચાંદખેડા(બેંક ઑફ બરોડા પાસે), સરખેજ (એ.એમ.ટી.એસ બસ સ્ટેન્ડની સામે), વેજલપુર- બુટ ભવાની મંદિર પાસે, પ્રગતિનગર ગાર્ડન, ઉત્તમનગર ગાર્ડન, થલતેજ-બાગબાન પાર્ટી પ્લોટ પાસે, લલિતા સોસાયટી(ઈસનપુર), ફતેહપુરા(ધનવંતરી ગાર્ડન), પીકર્સ ચાલી અનિલ મિલ રોડ(સરસપુર), ઓઢવ(ગાયત્રી મંદિર), નવરંગપુરા(જૉગર્સ પાર્ક), ન્યૂ રાણીપ(આનંદ પાટી પ્લોટ રોડ), ગોમતીપુર ગાર્ડન પાસે, દિનેશ ભજીયા હાઉસની બાજુમાં સ્યામશિખરની સામે(બાપુનગર), સ્મૃતિ મંદિર (ઘોડાસર), વસ્ત્રાલ - નિરાત ચોકડી, મેઘાણીનગર ગાર્ડન, ભૂયંગદેવ, સી.ટી.એમ, દૂધવાળી ચાલી (બહેરામપુરા), પંચરત્ન એપાર્ટમેન્ટ(બોડકદેવ), પુનિતાપાર્ક શોપીંગ સેન્ટર સામે (આંબાવાડી),સાંઈ મંદિર દૂરદર્શન કેન્દ્રની બાજુમાં(થલતેજ)ખાતે પુસ્તકની પરબનું આયોજન થયું હતું.

અમદાવાદ ઉપરાંત ગુજરાતમાં ૮૫ સ્થળોએ તથા અમેરિકામાં ડેલાવેર સ્ટેટ ખાતે અને કોલકાતામાં સાહિત્ય ટાઈમ્સ ખાતે પુસ્તક પરબનું આયોજન થયું હતું.

# સંબંધોનું 'ટર્ન ઓવર' અને સ્મશાનયાત્રાની ગરિમા




vamlani@yahoo.co.uk

મારો એક મિત્ર. બચપણથી ઓળખું તેને. ખૂબ જ સામાન્ય આર્થિક પરિસ્થિતિમાં તેનો ઉછેર થયો હતો. મહેનત કરીને અભ્યાસ કર્યો. સારી ડીગ્રી મેળવી અને તે ડીગ્રીને લઈને જ પોતે પ્રેક્ટીસ કરે છે. ખૂબ સારી પ્રેક્ટીસ ચાલે છે અને ખૂબ જ સારી આર્થિક પરિસ્થિતિ છે. તેનું સંબંધો પ્રત્યેનું વલણ પણ એકદમ વ્યાવસાયિક જ છે. તે દરેક સંબંધોમાં પોતાના લાભાલાભ જુએ. દરેક વ્યક્તિ સાથેના સંબંધોમાં તે વ્યક્તિ પોતાને કેટલી કામની છે તેનું મૂલ્યાંકન કરે. દરેક સંબંધોમાં તે આંગળીના વેઢે ગણતરી કરે. આ બધા જ પ્રકારની ગણતરીઓ કર્યા પછી જ, પોતાને જો તેમાં લાભ દેખાય તો સંબંધોમાં આગળ વધે, જેટલો લાભ દેખાય એટલું જ પછી જો એમ લાગે કે આ સંબંધોમાં હવે કંઈ લઈ લેવાનું નથી, તો ત્યાં જ સંબંધોને અટકાવી ને પાછા વળી જવાનું. તેના મન અને મગજમાં સંબંધોના તોલમાપ એટલા ઘર કરી ગયા છે કે તે ધારે તો પણ તેમાંથી છૂટી શકે એમ નથી.

આ મિત્રને મે એકવાર અંગત પ્રશ્ન પૂછ્યો; તે પોતાના એકદમ અંગત કહી શકાય એવા કુટુંબીજનો, સ્નેહીઓ, મિત્રો કે સંબંધીઓ સાથે પણ આજ પ્રકારના સંબંધો રાખે છે ? મિત્રએ બહુ જ નિખાલસતાથી એ વાતનો સ્વીકાર કર્યો કે તે પોતાની પત્ની, પોતાનાં મા-બાપ પોતાના બાળકો, પોતાના સગા ભાઈ-બહેન અને બચપણના બે-ચાર મિત્રો સિવાય દરેક વ્યક્તિ સાથે લાભાલાભના મતાનુસાર સંબંધો પ્રત્યેનું પોતાનું આ વલણ તેને લાભદાયી નિવડ્યું છે. પોતે કબૂલ કરે છે કે પોતે આ પ્રકારનું વલણ રાખ્યું છે તેથી જ તેની પાસે બંગલો, ગાડી, મિલકત અને પૈસો થયો છે. પોતે આ પ્રકારના આ વલણ થકી જ પોતાનો સમય, શક્તિ અને પૈસો બચાવી શક્યો છે. તે કહે છે કે પોતાના જીવનમાં, પોતાના સંબંધોમાં તેને દયા, માયા, પ્રેમ, લાગણી, શોક, સંકોચ, શરમ, વિશ્વાસ, સહાનુભૂતિ, માન, અપમાન કે આ પ્રકારની કોઈ જ લાગણી સ્પર્શી ના શકે. આર્થિક લાભાલાભ સિવાય સંબંધોમાં કોઈપણ પ્રકારની લાગણીને તેના જીવનમાં સ્થાન નથી.

દરેક વ્યક્તિની સંબંધો વિષેની પોતાની અલગ પરિભાષા હોય છે તેના વિષે આલોચના કરવાનો કોઈને અધિકાર પણ નથી હોતો. પોતાની અનુકૂળતા પ્રમાણે સબંધોની વ્યાખ્યા વ્યક્તિ બનાવી લે છે અને સમય-સંજોગો અનુસાર તે વ્યાખ્યા કદાચ બદલાતી પણ રહે છે.

ગણતરીઓ સાથે બાંધેલા સબંધો, ત્રાજવામાં સતત તોળાતા સબંધો, લાભાલાભ પ્રમાણે જ માપેલા સબંધો, પૈસાની સાથે જ સરખાવેલા સબંધો કદાચ લાંબો સમય ટકી શક્તા નથી. આ પ્રકારના સંબંધોનું આયુષ્ય ખૂબ જ ટૂંકું હોય છે. હા, આ પ્રકારના સબંધોમાં એવું બને છે કે સબંધો તૂટતા જાય છે એમ નવા સબંધો પણ ખૂબ જ ઝડપથી બંધાતા પણ જાય છે. આમ 'સંબંધોનું ટર્નઓવર' ખૂબ જ ઝડપથી થયા કરે છે. વ્યવસાયનો એક નિયમ છે, ટર્નઓવર જેટલું વધારે એટલો નફો પણ વધારે. સંબંધોના ઝડપી ટર્નઓવરમાં પણ કદાચ આર્થિક લાભ વધુ થતો હશે.

મારા એક પાડોશી હતા. સરકારી ઉચ્ચ હોદ્દા ઉપરથી નિવૃત થયા હતા. નિવૃતિને પણ લગભગ દસેક વર્ષ થઈ ગયા હતા. બાળકો મોટાં થઈ વિદેશ સ્થાયી થયા હતા. તેમના અન્ય કુટુંબીજનોમાંથી કોઈ વિદેશ તો કોઈ રાજ્ય બહાર દૂરના શહેરોમાં સ્થાયી થયા હતા. પતિ-પત્ની નિવૃત્ત જીવન ગાળતા હતા. એક દિવસ રાત્રિના ચોથા પ્રહરે હૃદયરોગના એક ભારે હુમલાને કારણે પત્નીનું અચાનક મૃત્યુ થયું. વિદેશમાં વસતા અને દૂરના શહેરમાં વસતા સૌ સ્નેહીઓને તેમણે ફોન દ્વારા તરત જ મૃત્યુની જાણ કરી દીધી. વહેલી સવારે કોઈ જ પાડોશીઓનાં દ્વાર ખખડાવીને પત્નીના મૃત્યુના સમાચાર આપવાની હિંમત એ મહાશય કરી ના શક્યા. સૂર્યોદય પછી પોતાની દિવાલના પાડોશીને સમાચાર આપ્યા. પત્નીની સ્મશાનયાત્રા લગભગ સવારે નવેક વાગ્યે નીકળી ત્યારે સ્મશાનયાત્રામાં પાંચ-સાત પાડોશીઓ સિવાય કોઈ હતું નહીં. એ મહાશય જે શહેરમાં નિવત્ત જીવન પસાર કરતા હતા તે જ શહેરમાં તેમણે નિવૃત્ત થયા પહેલાં દસેક વર્ષ નોકરી કરી હતી.

વીસેક વર્ષનો શહેરમાં વસવાટ, સરકારી ઉચ્ચ હોદ્દા ઉપરથી નિવૃત, પૈસે-ટકે ખૂબ જ સુખી છતાં પત્નીની, એક સ્વજનની સ્મશાન યાત્રામાં પચીસ-પચાસ માણસો પણ ભેગા ના કરી શક્યા. તેની પાછળનું કારણ શોધતા જાણવા મળ્યું કે એ મહાશયની પણ સંબંધોની પરિભાષા પેલા મિત્ર જેવી જ હતી. સંબંધોમાં લાભાલાભની ચોખ્ખી ગણતરી. સંબંધોનું ટર્નઓવર ખૂબ જ મોટું અને ઝડપી, પણ નિવૃત્તિ પછી એ ટર્નઓવર બંધ થઈ ગયું અને સંબંધોના જીવનમાં શૂન્યાવકાશ સર્જાઈ ગયો.

વ્યક્તિ પોતે જેટલા સંબંધો રાખે, જેટલી ગણતરી કરીને સંબંધો વિકસાવે તેનાથી વધારે સંબંધોની અપેક્ષા ક્યારેય રાખી ના શકે. અલબત્ત, સંબંધો ત્રાજવે તોળવાની વસ્તુ નથી પણ સામેની વ્યક્તિ પણ વ્યક્તિના સંબંધો બાંધવાના અને ટકાવવાના ઈરાદાઓ જલદી સમજી જતી હોય છે.

સંબંધોમાં પણ લેણ-દેણનાં જાખાં થતાં હોય છે. જેટલું આપીએ તેનાથી વધારે પામવાની, જેટલું ઘસાઈએ, તેનાથી વધારે સામેની વ્યક્તિ ઘસાય, એવી અપેક્ષાઓ ક્યારેય રાખી ના શકીએ.

સંબંધમાં આર્થિક લાભાલાભ સિવાય, માન-સન્માન, પ્રેમ-લાગણી, વિશ્વાસ એ પરસ્પર છે. જેટલું આપીએ એટલું અથવા કદાચ એનાથી ઓછું પામીએ. વધારે પામવાની અપેક્ષા રાખીએ તો વેદના જ ભોગવવી પડે.

સંબંધોનું ટર્નઓવર મોટું કરવાનું વલણ રાખવાને બદલ સંબંધોને કાયમી ટકાવવાનું વલણ રાખીએ તો કદાચ, આપણી કે આપણા સ્વજનોની સ્મશાનયાત્રાની તો ગરિમા જાળવી શકાય.



## વાચકોને આમંત્રણ

**'સંવેદના' વિભાગમાં સ્વાનુભવો લખવા**

લેખકો, વાચકોનું પ્રિય અને ગાંધીનગરનું પ્રથમ દૈનિક સમાચારપત્ર 'ગાંધીનગર સમાચાર' ખાસ લખવા માગતા વાચકો માટે સંવેદના વિભાગ શરૂ કરી ચૂક્યું છે અને આ માટે લખવા સૌને આમંત્રણ આપે છે. આ વિભાગ અંતર્ગત દર માસે અલગ-અલગ વિષયો આપવામાં આવે છે, જે માટે વાચકોએ લખાણ મોકલવાનું હોય છે. વિભાગ દર સોમવારે પ્રકાશિત કરવામાં આવે છે. કોઈપણ વાચક આ લખાણ મોકલી શકે છે, જે તેના નામ સાથે પ્રકાશિત કરાશે. હા, લખાણની લંબાઈ અને ઍડિટિંગનો અધિકાર અખબાર અબાધિત રાખે છે. વાચકોને વિનંતી છે કે શબ્દોની મર્યાદા ૧૫૦ સુધી રાખવામાં આવે.

જુલાઈ માસ માટેનો વિષય છે :

**'મારી સ્નેહાળ સખી'**